# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૫ • સળંગ અંક : ૩૩૧ • તા.૧૨ ઓક્ટોબર થી ૧૮ ઓક્ટોબર ૨૦૨૪





**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


# અનંત પેથેલોજી લેબના સુવિધાજનક ડાયગ્નોસ્ટિક સેન્ટરનું મુલુંડમાં ઉદ્‌ઘાટન થયું







Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# સ્વભાવ બદલવું સરળ નથી

દરેક વ્યક્તિને પોતાનું બોલવું, ચાલવું, વ્યવહાર સાચો છે એવી સમજ હોય છે. આમ પોતાનો કક્કો સાચો છે એવી હઠ હોય છે. પોતાની વાત કોઈ ન ગણકારે ત્યારે તેનો અહંમ ઘવાય છે. મોટા ભાગના મનદુ:ખો આવી જડ માન્યતાથી થતા હોય છે. મનના ઘાવ જલ્દીથી રૂઝાતા નથી. પોતાનું અપમાન થયું, એવો ભાવ સ્વમાન હણાયું છે એવો અસંતોષ આપે છે. પોતાનું અપમાન, અવહેલના વ્યક્તિ સહન કરી શકતો નથી. એ ભાવ ના ઘાવ મન પર જલ્દી રૂઝાતા નથી. મન પર લાગેલા આ ઘાવ સ્વભાવને બેચેન કરે છે. દિવસ રાત અંજપો જગાવે છે. આ વાતથી અટંસ પેદા થાય છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વેર ભાવ જાગે છે જેનો સરળ અને સહેલાઈથી અંત આવતો નથી. સમયની સરવાણીથી એના મૂળીયા વધુને વધુ ઊંડા ખૂંપતા જઈ જીવનને દોહલું કરે છે.

બે વચ્ચેના નિષ્ક્રીય સંબંધ પર અન્યો ચર્ચા કરે છે. તો કોઈ વચ્ચે પડી પડેલ ખાઈ પૂરવા મથે છે. સતત થતા પ્રયાસ અને સમાજની દ્રષ્ટિ કેળવાથી જ સંબંધો સરળ થઈ શકે છે. આમાં બન્ને પક્ષની જવાબદારી છે. એક બીજાની ત્રુટીઓ, નબળાઈઓ પર નજર નાંખી કંઈક અંશે સુધારો કરવાનો પ્રયાસ આદરે તો ભવિષ્યમાં એનું સારું પરિણામ મળી શકે છે.

કોઈપણ સમસ્યા, પ્રશ્ન ઊભો થાય તો આપણી આજુબાજુના લોકો જાત જાતની સલાહ આપવા તત્પર રહે છે. સલાહ આપવી સહેલી છે પણ એ લેવી, સ્વીકારવી સરળ નથી. સ્વ સ્વાર્થ વગરની સલાહ સામે વાળા પર અસર કરે છે. બાકી સારા માણસને બધા સારા લાગે છે. ખરાબ વ્યક્તિને બધા ખરાબ. આમ સામેવાળાને જોવું આપણાં વિચારોનું પ્રતિબિંબ હોય છે. સ્વભાવ બદલવું એટલે કૂતરાની પૂંછડીને સીધી કરવી. સમય જશે, પણ સ્વભાવ, ખાસિયત ન બદલાશે.

વ્યક્તિ પોતાના સ્વપ્નો અને કલ્પનાઓમાં રાચતો રહે છે. જ્યારે સમર્થ સશક્ત માનવીઓ હકીકતની દુનિયામાં જીવે છે, જ્યારે અસમર્થ વ્યક્તિને આભાસી જગત ગમે છે. હકીકતમાં જે થઈ શકતું નથી, જે થઈ શકવા સમર્થ નથી એ માટે કલ્પનાના સ્વર્ગમાં રાચવું સરળ છે. પણ આ અધૂરપ અને એક જાતની નબળાઈ છે. જેને સમર્થ વ્યક્તિએ સુધારવી જોઈએ.

દરેક જણની માન્યતા હોય છે કે પોતે જે કહે છે, કરે છે એ જ સાચું છે. આમ પોતાનો કક્કો સાચો ઠેરવવા અનેક પ્રકારના પેંતરા રચતો હોય છે. મોટા ભાગના મન દુ:ખ આ જીદ અને જકી ભર્યા વ્યવહારમાંથી સર્જાય છે. સામેવાળા એ કહેલા કઠોર શબ્દ આપણા દિલને વીંધી નાંખે છે. જેના ઘાવ જલ્દી રૂઝાતા નથી. પોતાનું અપમાન અને અવહેલના માણસ સહન કરતો નથી અને એને સરળ રીતે વિસરી શકતો નથી. તે વાતનો જેમ બને તેમ જલ્દી બદલો વાળી દે એ માટે તત્પર રહે છે. આવી જડ સમજથી નકામી વાતોથી પૂર્વગ્રહના જાળા ગૂંથાઈ જાય છે અને વખત જતાં વેર ભાવ વધુને વધુ ઊંડું ઉતરી સમય જતાં જમીનમાં જડ સોંત થઈ જાય છે.

સ્વભાવ એ માનવીનો અરીસો છે. જે જેટલો સાફ, સૂથરો હશે એટલો સીધો પ્રતિબિંબ સામેવાળા પર પડશે. સરળ થઈએ, સરળ રહીએ એજ સારા જીવનનો સાર છે.

– જય જ્ઞાતિમૈયા

# મોબાઈલના વ્યસનથી મુક્ત થઈએ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

એક એવો સમય હતો જ્યારે સવાર કુકડાની બાંગથી, સૂરજના કૂમળા તડકાનો સ્પર્શ પામી આંખો ખૂલતી હતી અથવા તો આકાશવાણી પ્રોગ્રામ જે રેડિયો દ્વારા સંભળાતા, પ્રભાતિયાના શ્રવણ ગાનથી સવાર થતી. તો રાત સમયે નિદ્રા દેવી વિવિધ ભારતીના સૂરીલા ગીતોના શ્રવણ કરતાં કરતાં નિંદર આંખોમાં આવી ઘેન લાવી દેતી તેની ખબર જ ન પડતી હતી. પણ હવે સવાર મોબાઈલમાં આવતા ઈનકમિંગ કોલની ટ્યૂન વાગવાથી કે એલાર્મ રીંગથી જ નિંદર તૂટે છે. તો રાતે મોડી રાત સુધી મોબાઈલ ફોનની સ્ક્રીન પર પિક્ચર, રીલ, યુટ્યૂબ કે ઓટીટી ચેનલો, જોતાં જોતાં આંખ બોઝીલ થાય છે તે પછી માંડ માંડ મોબાઈલ સાઈડમાં મૂકી દઈ નિંદ્રાને શરણે મજબૂરીથી માથું મૂકી દઈએ છીએ.

લેન્ડ લાઈનથી મોબાઈલ એ કેટ કેટલી પ્રગતિ કરી છે. જે જોઈ કલ્પીને આપણે ચકરાવે ચડી જઈએ છીએ. તો તેનો ઘેલછા ભર્યો ઉપયોગ કરીને આપણે અધોગતિની ગર્તામાં ધકેલાઈ ગયાં છીએ. એક નિર્જીવ ચીજ પોતાની મોહિનીમાં બુધ્ધિશાળી જીવને કેટ કેટલો લપેટી લીધો છે એ જોઈને નવાઈ જરૂર થાય છે. મોબાઈલ આજે સૌની માટે અવિભાજ્ય  અંગ બની ગયો છે. ઘડિયાલ, કેમેરા, કેલ્ક્યુલેટર, સ્ટોપ વોચ, ટી.વી. ટેપ, ટેલીફોન ડાયરી, ડિકશનેરી વિગેરે વિગેરે પોતાનામાં સમાવી દઈને સર્વે સર્વા બની બેઠો છે.

મોબાઈલનો પ્રમાણસર ઉપયોગ, યથાયોગ્ય ઉપભોગ લાભપ્રદ છે, સુખદાયી છે પણ તેનો અતિ ઉપયોગ હાનિપ્રદ છે. અતિ સર્વત્ર વર્જયતે અતિ આહાર, વિહાર, વિચાર, ઉપભોગ એ નુકસાનકારક છે એ સમજવું જરૂરી છે. દિવસ રાત ચોવીસ કલાક સ્ક્રીનમાં માથું ઘાલીને આંગળા ચલાવવા એ લત થઈ ગઈ છે. વધુ પડતો મોબાઈલનો ઉપયોગ સંબંધમાં તિરાડ સર્જી દે છે પછી એ માવતર સાથે સંતાનોનો હોય કે પતિ-પત્ની, પ્રેમી પ્રેમિકાનો હોય. મોબાઈલનો વધુ પડતો ઉપયોગ શંકા-કુશંકા સર્જે છે. એકવાર શંકા મનમાં ઘર કરી ગઈ તો પછી તેનો કોઈ ઈલાજ જ ન થાય. આમ મોબાઈલના વ્યસનથી સામાજિક દૂષણો વધી ગયા છે દિવસે દિવસ વધી રહ્યાં છે. મા-બાપ પોતાના સંતાનોની મોંઘાદાટ મોબાઈલની માંગણી ન સંતોષી શકે તો સંતાનો બળવાખોર બની જાય છે. મોબાઈલના રોગી બની ગયેલ સંતાન અભ્યાસમાં ધ્યાન ન પરોવે એટલે ચિંતિત માવતર તેને ટોકે એટલે સંતાન પોતાનો સ્વમાન હણાઈ ગયું સમજી આત્મહત્યા સુધી પહોંચી જાય છે.

મોબાઈલનો ઉપયોગ મોટે ભાગે ખોટું બોલવાનું હથિયાર બની ગયો છે. કોઈના ઉપર ટીકા ટિપ્પણી કરવાનું સાધન બની ગયો છે. કોઈ જાતિ, ધર્મ કે વ્યક્તિની વાતને જાણે સમજે તરત જ પ્રતિભાવ આપવો. કરૂણાભર્યું અકસ્માત થાય, દુર્ઘટના બને ત્યારે લોકો નફિકરા બની આપદાગ્રસ્તને મદદ કરવાને બદલે ઘટના સ્થળનો લાઈવ વીડિયો ઉતારી સૌથી પહેલાં વોટસએપ ગ્રુપમાં સૌ પહેલા મોકલે એવી સ્પર્ધા લાગે ત્યારે થાય કે કેટલી હદે માનવતાની માણસાઈની અધોગતિ થઈ છે. શું હજી આપણે એટલી હીનતાના તળિયે જઈશું? વિચારી સમજી મોબાઈલનો ઉપયોગ કરવો જોઈએ એ આજની માગ છે.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# મુલુંડમાં અનંત પેથેલોજી લેબના સુવિધાજનક ડાયગ્નોસ્ટિક સેન્ટરનું ઉદ્‌ઘાટન થયું



તા. ૬ ઓક્ટોબર રવિવારના શુભ દિવસે, શુભ ચોઘડીએ ગૌશાળા રોડ સ્થિત શાંતિ હાઇટ્સમાં પેથોલોજી ટેસ્ટિંગની સાથે ઇસીજી, એક્સરે, સોનોગ્રફી જેવી નવી સુવિધા સાથેનું અનંત ડાયગ્નોસ્ટિક્સ સેન્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

તા. ૧૬ જુલાઈ ૨૦૧૭ ના શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ સંચાલિત શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ ના માનવસેવા ભાવના ઉત્તમ વિચારને મૂર્તમંત કરવા ત્યારના ચેરમેન શ્રી હીરાલાલભાઈ ડાઘા અને તેમની ટીમ દ્વારા અનંત પેથોલોજી લેબની શરૂઆત થઈ હતી, જેને પ્રારંભથી જ સારો પ્રતિસાદ મળ્યો હતો.





સાત વર્ષથી વધુ સુધી માનવ કલ્યાણના કીર્તિમાન રચ્યા. સેવા પ્રવૃત્તિને હજી વધુ આગળ વધારતા વર્તમાન ટીમના સુકાની કુમારભાઈ દંડ અને સાથીઓએ પેથેલોજી લેબને વધુ સુવિધાજનક બનાવવા તરફ આગળ દોરી જવા તેને ડાયગ્નોસ્ટિક સેન્ટર બનાવવાનું પગલું લીધું. જેને લીધે હવે અનંત ડાયગ્નોસ્ટિક સેન્ટરમાં પેથેલોજી ટેસ્ટ ઉપરાંત ઈસીજી, એક્સરે જેવી સુવિધા પણ મળશે. ઉપરાંત આ સર્વે સુવિધાઓ હોમ સર્વીસ સાથે ઘરે બેઠાં મેળવી શકાશે.




ડાયગ્નોસ્ટિક સેન્ટરનો સમય સવારના ૭.૩૦ થી રાતે ૯ વાગ્યા સુધીનો છે. દીપ પ્રાગટ્ય અને ધાર્મિક સ્ત્રોત પઠન સાથે આ કાર્યક્રમનો પ્રારંભ થયો. લોકાપર્ણ કાર્યક્રમ પ્રસંગે મુંબઈ જ્ઞાતિ મહાજનના પ્રમુખ નયનભાઈ અશોક ભેદા, સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી પ્રવીણભાઈ હંસરાજ લોડાયા, જયંતભાઈ છેડા, નરેન્દ્રભાઈ દંડ, નરશીનાથા મેડિકલ ટ્રસ્ટના કુમારભાઈ દંડ, પૂર્વ સંચાલક હીરાલાલભાઈ ડાઘા સહિત ગણમાન્ય મહાનુભાવો સાથે ૭૦ જેટલા મહેમાનો તે સાથે અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ શ્રી રાજેશભાઈ, દેવેનભાઈ, મનોજભાઈ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના ઘણા જ સભ્યો હાજર રહ્યા હતા.

અરિહંત બેંકના વાઇસ ચેરમેન ડોલીભાઈ, પિનાકીનભાઈ, કુલીનભાઈ લુઠીયા, ડોક્ટર પીટી...., સાથે ગત વર્ષ અને વર્તમાન મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજન ના સભ્યો પણ હાજર રહ્યા હતા. આ પ્રસંગ ડાયગ્નોસ્ટિક સેન્ટરના લોક સેવા કલ્યાણને વધાવવા પધાર્યા હતા. અંતમાં સૌએ જલેબી, ફાફડા, ખમણ ઢોકળા-ચા-કોફીનો લાભ લીધો હતો.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)
પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

**તીર્થ સંસ્થાપક :** શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. **શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા**

**તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક :** પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,
અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા**

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**
**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**
**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

**ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા**

**● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712**

**સૌજન્ય : મોતા ટ્રેડિંગ પ્રા.લિ.**

# શ્રી ક.દ.ઓ.મુંબઈ મહાજન દ્વારા યોગ્ય જોડીદાર શોધવાના પ્રયાસ માટે સગપણ સેતુનું આયોજન

શ્રી કચ્છી દશા ઓસવાલ મુંબઈ મહાજન દ્વારા રવિવાર, તા.૧૦ નવેમ્બર સવારે ૮ વાગ્યાથી સાંજ સુધી યોગ્ય જોડીદાર શોધવાના પ્રયાસ રૂપે સગપણ સેતુ પરિચય મિલનનું આયોજન મુંબઈ ખાતે કરાયું છે. લગ્નોત્સુક યુવક યુવતીઓ સ્ટેજ પર આવી પોતાનો પરિચય આપ્યા વગર એકબીજા સાથે મિત્રતા અને મેળાપ કરી આપવાનો અલગ રીતે પ્રયાસ કરાશે અને મિટીંગ કરી આપવાની વ્યવસ્થા પણ કરી અપાશે.

હમ ઉમ્રનાઓ સાથે ક્વોલીટી ટાઈમ વિતાવ્યા પછી છેલ્લે દાંડીયાની રમઝટ જમાવાશે. દરેક ઉમેદવાર દીઠ રૂ.૫૦૦ જેમાં સાથે ૧ વાલી પણ આવી શકે છે. સાથે દરેક પાત્રોના પરિચયની વિગત આપતી પુસ્તિકા પણ અપાશે.

સમાજ સમક્ષ વર્તમાનની અતિ વિકટ સમસ્યા સામે સુયોગ્ય રસ્તો કરવાના આ પ્રયાસમાં જ્ઞાતિ પરિવારના વડીલો અને યુવા પેઢી આગળ આવે અને કાર્યક્રમમાં ઉમળકાભેર જોડાય.

ગુગલ ફોર્મ લિન્ક https://forms.gle/zBQ21DXUgZhKS81D8 ઉપર ક્લિક કરી સંપૂર્ણ ભરી મોકલી આપવું.

વધુ વિગત માટે અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જિનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫ તથા મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪નો સંપર્ક કરવો.






## જ્ઞાતિમૈયામાં ડિજીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા


# સંજીવની કેસ નં.૧૫૬ તથા કેસ નં.૧૫૭ માટે જરૂરી રૂા.૨.૩૧ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગમાંથી અરજી પરત લેવાઈ




જખૌ-થાણેના વરિષ્ઠ જ્ઞાતિજન નલિન એ ભગત ધરમશીને મેલેરિયા તાવ અને ઈતર આરોગ્ય સ્થિતિઓની પ્રતિકુળતાને કારણે હોસ્પિટાલાઈઝ કરવા પડ્યા છે પુત્ર છે જે બેરોજગાર છે. દર્દી વરિષ્ઠ નાગરિક છે જેથી કમાણીનું કોઈ સાધન નથી. નથી કોઈ બચત કે નથી કોઈ વીમાનું પીઠબળ.

સારવાર માટે હોસ્પિટલ તરફથી રૂા.૧.૨૧ લાખનો અંદાજિત ખર્ચ થવાનો સુમાર અપાયો છે. વિપરીત હાલતમાં મૂકાઈ જવાથી તેઓ એ સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ મદદ મળે એ અરજી સબ્મીટ કરી છે. સદર કેસ અરજી નં.૧૫૬ ને ક્રાઉડ ફંડિગ માટે મૂક્યો.

# સંજીવની કેસ નં.૧૫૬ તથા કેસ નં.૧૫૭ માટે જરૂરી રૂા.૨.૩૧ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગમાંથી અરજી પરત લેવાઈ




અન્ય કેસ નં.૧૫૭ મુજબ સાંધવ-ડોંબિવલીના ૪૬ વર્ષીય ઉદય પુનશી ધરમશી એનિમા, આંતરિક હેમોરહોઈડસને લીધે ગુદામાર્ગમાં રક્તસ્ત્રાવ લેટ સ્ફિન્કટરેક્ટોમી અને લેસર હેમોરહોઇડોપેક્સી સર્જરીમાં પસાર થયાં છે.

વ્યવસાયથી નેટવર્ક એન્જિનિયર તરીકે કાર્યરત છે. પત્ની ગૃહિણી છે બે બાળકો છે. દર્દી વીમા પોલિસી અંતર્ગત આવેલ છે જે આંશિક આધાર પૂરો પાડે છે. હોસ્પિટલ તરફથી અંદાજનો ખર્ચ અપાયેલ છે. તેમાં આંશિક જરૂરિયાત રૂા.૧.૧૦ લાખની છે. જે મેળવવા માટે મેડિકલ સમિતિ સમક્ષ અરજી મૂકી છે.

સદર કેસ માટે જોઈતી રકમ જમા કરવા કેસ ક્રાઉડ ફંડિગ માટે મૂકાયો પણ નોંધપાત્ર સમયગાળામાં બંન્ને કેસ માટે જોઈતી રકમ રૂા.૨.૩૧ લાખ એકઠી થઈ જતાં બંન્ને અરજી માટે ક્રાઉડ ફંડિગ અટકાવી દીધું છે.

કેસ અરજી નં.૧૫૭ માટે એક અજ્ઞાત દાતાએ રૂા.૮૧ હજારની મદદ જાહેર કરી હતી. જેની સમેત સંપૂર્ણ રકમ જમા થઈ. આ સહયોગ માટે ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ મહાજન, એકમો, સંસ્થા ટ્રસ્ટ મંડળો એ ઉદાર અને દયા ભાવ ધરાવી જનસેવાએ પ્રભુ સેવાનો ભાવ ધરાવી જ્ઞાતિજનો માટે ઉમદા લાગણી રાખી મદદ રૂપ થાય છે એ સૌનો અઢળક આભાર.

# સંઘ સ્થવિરા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.ને મહત્તરા સાધ્વી તરીકે જાહેર કરાયા



પ્રવર્તિની મહતરા પ.પૂ.સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના તાજેતરમાં થયેલ કાળધર્મ પછી વર્તમાનમાં પાલીતાણા તીર્થે બિરાજમાન સંઘ સ્થવિરા પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.ને મહતરા સાધ્વી તરીકે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ જાહેર કર્યા છે.

પ.પૂ.સાધ્વીશ્રી ચંદ્રોદયશ્રીજી મ.સા.નો આછો જીવન પરિચય પુત્ર હીરાચંદ આશારીયા વિકમશી અંધેરી-રાણપુર, પુત્રવધૂ વનિતાબેન (પુત્રી નવલબાઈ શીવજી ખીમજી લાપસીયા-સાંયરા) પાસે પ્રાપ્ત થયેલ છે. તે મુજબ સંસારી નામ જમકુબાઈ ઝવેરબાઈ આશારીયા દેવણાંધ સામત વિકમશી રાણપુર, જન્મ તારીખ ૨૬ ઓક્ટોબર ૧૯૩૩ દિક્ષા તિથી માગસર સુદ ૧૧ વિ.સં.૨૦૧૩ સંયમ જીવન ૬૮ વર્ષ માવિત્રનું નામ માતુશ્રી પુરબાઈ આણંદજી કાનજી નાગડા વારાપધ્ધર, ગુરૂમૈયાનું નામ પ.પૂ.શ્રી રતનશ્રીજી મ.સા. દીક્ષા દાતા પ.પૂ.મુનિરાજશ્રી ચંદનસાગરજી મ.સા. દીક્ષા પ્રદાન સ્થળ અંજાર.

---

# સખી વૃંદ મહિલા મંડળ પુના પ્રસ્તુત હુન્નર એક્ઝિબિશન

તા.૧૯ ઓક્ટોબર શનિવાર સવારે ૧૦ થી રાતે ૧૦ દરમ્યાન સેફરોન બેન્કવેટ, સદાશીવ પેઠ પુને સ્થળે સખી વૃંદ મહિલા મંડળ પુના દ્વારા હુન્નર અંતર્ગત ફેશન, ફૂડ અને ફલીનું ભવ્ય આયોજન કરાયું છે. ફ્રી એન્ટ્રી સાથે લક્કી ડ્રો વિજેતાઓને ઈનામ જીતવાની તક, જ્યાં ઉત્કૃષ્ટ સર્જનાત્મકતાને મળે છે. તક સર્જનાત્મક ટીમની પ્રતિભાને પ્રોત્સાહન આપવા અને તેમને ખીલવા માટેનું પ્રોત્સાહન આપવા હુન્નરની આ પહેલ છે.

આવો અને આ અદ્‌ભૂત ઈવેન્ટનો ભાગ બનો. આ સંદેશ મિત્રો, પરિવાર, સ્નેહીજનો સુધી પહોંચાડવા મદદ રૂપ થાઓ. તો પધારો હુન્નરમાં હુન્નર બતાવવા.

Sakhi Vrund Mahila Mandal, Pune

---

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરના શ્રી કુંથુંનાથ જિનાલયમાં સંઘના સદસ્યનું બહુમાન કરાયું

શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુરના શ્રી કુંથુંનાથ જિનાલયમાં શુક્રવાર, તા.૨૭-૯-૨૦૨૪ના શ્રી બોરીવલી અચલગચ્છ જૈન સંઘ (પૂર્વ)નું સંઘ જિનાલય દર્શન માટે પધારેલ લગભગ ૮૫ સદસ્યનું સંઘ બહુમાન કરવામાં આવેલ.

શ્રી ભુજપુર મૂર્તિપૂજક સંઘ તા.૨૨-૯-૨૦૨૪ શ્રી ઉવસહગરમ તીર્થ પાર્શ્વનાથ ભગવાન, નગપુરાથી રાયપુર પધારેલ તેમનું રાયપુર રેલ્વે સ્ટેશનમાં બહુમાન કરવામાં આવેલ.

# તિરૂપુર સંઘમાં સરસ્વતી સાધનાની ધર્મ આરાધનાઓ થઈ



દક્ષિણ ભારત પ્રાંતના તિરૂપુરનગર સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં તા.૬ ઓક્ટોબર રવિવારના દિને સવારે ૯ કલાકે સરસ્વતી સાધનાની ધર્મ આરાધનાઓનો પ્રારંભ શ્રી સુવિધિનાથ દેરાસરમાં થયો. ૨૨ પરિવારો પૂજામાં બેસવાનો લાભ લીધેલ. આરતીનો લાભ માતુશ્રી લલિતાદેવી ભાવર લાલ જૈન પરિવાર એ લીધો. સકળ સંઘ માતે ખીરની પ્રસાદી શ્રી સંઘ તરફથી આપવામાં આવેલ. કાર્યક્રમ આયોજનની વ્યવસ્થા શ્રી ટ્રસ્ટીઓએ કરેલ હતી.

# શ્રી રચના મહિલા મંડળ દ્વારા ૩૫મા વર્ષનો પ્રથમ પ્રોગ્રામ યોજાયો




તા.૨૮ સપ્ટેમ્બર શનિવારના મુલુંડના જી.એસ.શેટ્ટી હોલમાં ક્ષમાપનાનો વાર્ષિક પ્રોગ્રામ યોજાયો. મહિલા મંડળ સભ્યોના અન્યન સાથ સહકારથી ૩૪ વર્ષ પૂરા કરી પ્રભાવશાળી પાંત્રીસમાં વર્ષમાં પ્રવેશ કર્યો છે.

કાર્યક્રમની શરૂઆત નવકાર મંત્ર પઠનથી થઈ. એકબીજાને ખમતખમણા કરી તપસ્વીઓનું બહુમાન કર્યું. મંડળનો સંક્ષિપ્ત અહેવાલ રજૂ કરવામાં આવ્યો. વિજયાબેન વિજય વિક્રમશીનું પ્રમુખપદ કાર્યકાળ પૂર્ણ થતા નવા પ્રમુખ તરીકે હર્ષાબેન પ્રતાપ ધરમશીને પદાસિન કરાયા. સાથો સાથ સેક્રેટરી તરીકે હેતલ ગિરીશ ધરમશી અને ટ્રેઝરર તરીકે પોલોમી યોગેશ ધરમશીની વરણી કરાઈ.

પ્રોગ્રામમાં લા કાર્નિવલ ગેમ કલ્પનાબેન ધરમશી અને તેમની ટીમએ રમાડી હતી. નાના મોટા સૌ ગેમ રમવાનો આનંદ માણ્યો હતો. વિજેતા થયેલ ટીમને ઈનામથી નવાજવામાં આવેલ ઈનામના દાતા શ્રીમતી હર્ષાબેન પ્રતાપ ધરમશી હતા. સાથે પાંચ લક્કી ડ્રો વિજેતાને પણ ઈનામ અપાયા હતા. ૭૦ મહિલા સભ્યને ઉમળકાભેર કાર્યક્રમમાં સહભાગ લીધો હતો. અંતે અલ્પાહારને ન્યાય આપી બધા હસી ખુશી સાથે છૂટા પડ્યાં હતાં.

# તેરા તીર્થના શ્રી શામળિયાજી જિનાલય દ્વિશતાબ્દી મહોત્સવની યાદગીરી રૂપે તૈયાર થયેલ ભવ્ય સર્કલનું લોકાર્પણ થયું









તેરા તીર્થના શ્રી શામળિયાજી જિનાલય દ્વિશતાબ્દી મહામોત્સવ પ્રસંગે તે સમય દરમ્યાન આ ઐતિહાસિક પ્રસંગની યાદ જળવાઈ રહે એ માટે એક ભવ્ય અને જાજરમાન સર્કલ બનાવવું એમ સર્વમતથી નક્કી કરવામાં આવેલ.

આ સર્કલ નિર્માણ માટે આર્થિક સહયોગ માતુશ્રી નિર્મલાબેન પ્રતાપરાય ખોના તેરા–દાદર હસ્તે રાજેશ મીનલ અને વિજય ખોના તથા માતુશ્રી સુમન કારા માંડવી ચર્ચગેટ હસ્તે રાજેન કારાનો મહાજનને મળેલ. જેથી આ સર્કલ તેરા–બાડા ચોકડી ઉપરે નિર્માણ કરવામાં આવેલ. જેનું લોકાપર્ણ કાર્યક્રમ તા.૮ ઓક્ટોબર મંગળવારે બપોરે ૩.૩૦ કલાકે રાખવામાં આવેલ.

લોકાપર્ણ કાર્યક્રમ માટે આમંત્રિત મહેમાનો પધારેલ હતા. અરવિંદભાઈ શાહ, જયદીપભાઈ જાડેજા, કાનજીભાઈ ગઢવી, શંકરભાઈ ભાનુશાલી, દેવજીભાઈ ભાનુશાલી, વલ્લભદાસ ભદ્રા, લક્ષ્મીદાસ ભાનુશાલી, ચંદ્રકાંત ગોર, આદમભાઈ લોધરા તથા ક.જે.સોમૈયા ટ્રસ્ટના પ્રયંકભાઈ જાની ઉપરાંત ગામના જ્ઞાતિ આગેવાનો હાજર રહ્યાં હતાં. દાતા પરિવાર દ્વારા આ સર્કલનું લોકાપર્ણ કરાયું હતું.

આ પ્રસંગે ભવ્ય બનાવવા તેરા બાડા ચોકડીથી પાંજરાપોળ સુધી ૩૦૦ વૃક્ષોનું રોપણનો કાર્યક્રમ સાથો સાથ રાખવામાં આવેલ. વાવેલ વૃક્ષોના જતન માટે ટ્રીગાર્ડ સર્કલના લાભાર્થી પરિવાર દ્વારા તરફથી તથા ૧૦૦ ટ્રીગાર્ડ ક.જે.સોમૈયા ટ્રસ્ટ દ્વારા મળેલ વૃક્ષારોપણના જતન માટે જુદા જુદા દાતાઓ તરફથી આર્થિક સહયોગ મળેલ છે. ટ્રસ્ટના ટ્રસ્ટી નરેન્દ્રભાઈ શામજી દંડએ સર્કલ તથા વૃક્ષારોપણના આર્થિક યોગદાન આપનાર દાતાઓનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન કીર્તિભાઈ ધરમશીએ કરેલ. કાર્યક્રમ અંતે અલ્પાહાર ગ્રહણ કરી સૌ છૂટા પડ્યા હતા.

# PARAB

SHAKTI SANJIVANI SOCIETY

SAKHYA ■ SAATH ■ SNEH

## THIS DIWALI
## LET THE FLAVOURS OF GAITEY
## BE ENHANCED BY THE GLOW OF GIVING !!!

*Parab's unique Diwali gift hamper is a bunch of tastebud tingling delights; specially curated, just for your classy gifting.*

*Each hamper that you buy will illuminate the lives of the industrious women who made this gift of good taste happen!*

- **Makhana Date 'n' Seed Chocolate**
  Power-packed yet palatable
  Every bit(e) irresistible!



- **Traditional Masala Crunchies**
  Savour the munching
  Warm 'n' welcoming

- **Classic Cashews!**
  Salt 'n' peppery
  Crispy 'n' buttery



- **Decorative Diya**
  Arty and attractive
  Glowingly decorative

**NOW, GIFT SOMEONE SPECIAL AND HELP A BUDDING BUSINESS - LADY TOO!!!**

**Book your order now !**

**Parul Mota**
93222 80529

**Dipti Lodaya**
93200 65825

# પરબના 'આરૂણ્ય' ની તૃતીય આવૃત્તિમાં સામેલ થયાં કેડીઓ દિવ્યાંગ!






શનિવાર, ૨૮ સપ્ટેમ્બર, ૨૦૨૪, ના રોજ પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા માટુંગામાં, શ્રી નારાણજી શામજી મહાજનવાડી ખાતે ફેશન, ફૂડ અને લાઈફસ્ટાઈલ ઉત્સવ 'આરૂણ્ય' ની તૃતીય આવૃત્તિમાં શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન દિવ્યાંગ સમિતિની પ્રેરણાથી દિવ્યાંગોને સ્ટોલ આપવામાં આવ્યો હતો.

સ્પેશિયલ ચાઈલ્ડ શૌર્ય મૈશેરીએ વિવિધ પ્રકારના ડિટર્જન્ટ અને ક્લિનિંગ લિક્વિડ અને પાવડરનું પ્રદર્શન તથા સેલ કર્યું હતું. તેઓને મદદ કરવા માટે તેમની સાથે તેમના વાલી હતાં. આ રીતે સમાજના વાણિજ્યિક ઉપક્રમમાં ભાગ લેવાની તક મળતાં આ દિવ્યાંગોના આત્મવિશ્વાસને ખૂબ દૃઢતા મળી છે.

દિવ્યાંગ સમિતિ ના ચેરમેન શ્રીમતી કાશ્મીરાબેન લુઠીયા દ્વારા મૂક બધીર કુ. કવિતા ખોનાએ ફૂડ કોર્ટમાં પોતાનો જે સ્ટોલ રાખેલ તે સ્પોન્સર કરવામાં આવ્યો હતો. અહીં તેણીએ અનેકાનેક પ્રકારની સેન્ડવીચીઝ રાખેલ. ગ્રીલ્ડ પાપડ અને થેપલા સેન્ડવીચ એ તેમની વિશેષ પ્રસ્તુતિ હતી.

# પરબના 'આરૂણ્ય' ની તૃતીય આવૃત્તિમાં સામેલ થયાં કેડીઓ દિવ્યાંગ!














પરબ શક્તિ સંજીવની સોસાયટી દ્વારા શનિવાર, ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ તેમના વાર્ષિક પ્રદર્શન કમ સેલ આરૂણ્ય (ત્રીજી આવૃત્તિ) નું આયોજન, શ્રી નારણજી શામજી મહાજન વાડી, માટુંગા ખાતે કરવામાં આવ્યું હતું. આ વાર્ષિક કાર્યક્રમમાં ચાર માળમાં ફેલાયેલા ૭૫ સ્ટોલ હતા. વસ્ત્રો, એસેસરીઝ, જીવનશૈલીને લગતા ઉત્પાદનો અને ખાદ્યપદાર્થો ઉપરાંત કેટલાક સ્ટોલ હતા જેમાં એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, કાંસ્ય થાળી મસાજ, ટેરો રીડિંગ અને ફ્રી મેકઓવર જેવી સેવાઓ આપવામાં આવી હતી. એનજીઓ અને દિવ્યાંગ સંચાલિત સ્ટોલ પણ હતા. પ્રદર્શનનું ઉદઘાટન અભિનેત્રી નમ્રતા શેઠ દ્વારા કરવામાં આવ્યું હતું. પરબનું આ પ્રદર્શન, તેના સતત ત્રીજા વર્ષે, લગભગ ૧૨૦૦ મુલાકાતીઓ સાથે, હવામાનની પ્રતિકૂળ પરિસ્થિતિઓ હોવા છતાં સારો પ્રતિસાદ પામ્યું હતું.

# નવનીતનગર-કોવઈનગર મધ્યે શ્રી મહાકાળી માતાજીની ભાવના યોજાઈ





ભુજ નજીક મુન્દ્રા રોડ મધ્યે આવેલ નવનીત નગર-કોવઇનગર મધ્યે પૂજ્ય સાધ્વીશ્રી દિવ્યકિરણાશ્રીજી મહારાજ સાહેબ તથા પૂજ્ય સાધ્વી હર્ષકિરણાશ્રીજી મહારાજ સાહેબની શુભ પાવન નિશ્રામાં શ્રી મહાકાળી માતાજીની ભાવના શ્રી મહેશભાઇ ચત્રભોજ લોડાયા પરિવાર દ્વારા યોજાઇ હતી.

ભાવનામાં પ્રબોધ મુનવર, લલીત ડાઘા, અનીલ શાહ, ગીતાબેન લોડાયા, જયાબેન મુનવર, અમિતા જૈન, હર્ષા શાહ, હેતલ મોમાયા, માલતી ડાઘાએ રમઝટ જમાવી હતી.

આ પ્રસંગે શ્રી લહેરીભાઇ છેડા, લક્ષ્મીકાન્તભાઇ કારાણી, હસમુખ શેઠીયા, મહેશભાઇ લોડાયા, હીરાચંદ છેડા, મહેન્દ્રભાઇ લોડાયા, કાન્તીલાલ પોલડીયા સહિત આગેવાનો તથા શ્રાવક-શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

---

# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા મુમુક્ષુરત્નાનું બહુમાન કર્યું






શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર દ્વારા મુમુક્ષુરત્ના બિ જિનલબેનની સુપુત્રી સૌ.દીપાલી રવિ નરશીભાઈ લોડાયા (નલિયા-ચોપડા)નું બહુમાન કાર્યક્રમ રવિવાર, તા.૬-૧૦-૨૦૨૪ના સવારે ૯.૩૦ વાગેથી શ્રી કુંથુંનાથ જિનાલય પરિસર સ્થિત વિવિધલક્ષી હૉલમાં રાખવામાં આવેલ. સર્વપ્રથમ વર્ષીદાનનો વરઘોડો બગ્ગીમાં બેસાડીને મુમુક્ષુરત્ના એ જિનાલયમાં પ્રવેશ કરી પ્રભુ દર્શન અને અષ્ટપ્રકારી પૂજાનું થાલ અર્પણ બાદ અભિનંદન સમારોહ, મુમુક્ષરત્નાનું પ્રેરણાદાયક ઉદ્‌બોધન ક્ષમાયાચના આભાર પ્રદર્શન બાદ સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. શ્રી દિગમ્બર જૈન દેરાસરના દર્શન વંદન બાદ એમનું બહુમાન કરવામાં આવેલ. સંપૂર્ણ કાર્યક્રમમાં રાયપુર, ભાટાપારા ધમતરીથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો પધારેલ.



# વરાડીયામાં સંઘમાં આસો માસની શાશ્વતી આયંબિલ ઓળીની તપસ્યા

અબડાસા પંથકના વરાડીયા નગર સંઘમાં પ.પૂ.મુનિરાજ શ્રી હિતવર્ધન સાગરજી મ.સા.ની ચાતુર્માસ નિશ્રામાં આસો માસની આયંબિલ ઓળીની તપસ્યા સર્વાંગી રીતે આગળ વધી રહી છે.

આયંબિલ ઓળીના લાભાર્થી વરાડીયાના માતુશ્રી હીરબાઈ રતનશી પાસવીર ડાઘા પરિવારની નિયાણી દીકરી આરીખાણા અમદાવાદના શ્રીમતી વિજયાબેન મહેન્દ્ર દેવજી ખોના છે. નવપદ આયંબિલ ઓળીમાં ૧૫ ભાવિકો લાભ લઈ રહ્યાં છે જેમાંથી ૨ ભાવિકો દીપક ગંગાજર ડાઘા તથા અ.સૌ.મિનાક્ષી કિરીટ હંસરાજ ડાઘાએ વર્તમાન તપનો થડો પણ બાંધ્યો છે.

---

## આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જૂન તથા જુલાઈ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૮ થી ૧૦ નવેમ્બર ૨૦૨૪ | વારાપધરમાં બિરાજમાન લાલકા પરીવારના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના ભુવાની વિધિ, ૧૪ મી પહેડી તથા હવન વારાપધર સ્થાને. |
| તા. ૧૦ નવેમ્બર ૨૦૨૪ | પ્રકાશ સમિક્ષા શતાબ્દી નિમિત્તે સન્માન સમારોહ સવારે ૧૦.૦૦ થી બપોરે ૩.૦૦ ક. : શ્રી નારાણજી શામજી મહાજન વાડી, માટુંગા |
| તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૪ | જખૌ તીર્થમાં ત્રિદિવસીય પરમાત્મ ભક્તિમય મહોત્સવ તથા જખૌ વાસીઓનું સ્નેહ મિલન. |
| તા. ૧૫ થી ૧૮ નવેમ્બર ૨૦૨૪ | જખૌમાં મુનવર પરીવારોની કુળદેવી શ્રી અંબેઆઇ માતાજીના મંદિરે તથા નવ નિર્મિત શ્રી ભીખુપીર દાદાના મંદિરે મુનવર પરીવારોના ભુવાજીશ્રીના બાના બદલી તથા માતાજીની પુનઃ પ્રતિષ્ઠા સહ વિવિધ કાર્યક્રમ. |
| તા. ૨૩ નવેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. હિરલ શૈલેશ નરશી પીર લોડાયા, બાયઠ : દિક્ષા મહોત્સવઃ ભાંડુપમાં |
| તા. ૦૧ ડિસેમ્બર ૨૦૨૪, | પ્રકાશ સમીક્ષા શતાબ્દી ઉજવણી, ષણમુખાનંદ હોલ, માટુંગા, મુંબઈ. |
| તા. ૯ થી ૧૧ ડીસેમ્બર ૨૦૨૪ | મુમુક્ષુ કુ. જિનલ રવિન્દ્ર નરશી લોડાયા, નલિયા-ચોપડાનું દિક્ષા મહોત્સવ, ચાલીસગામ. |
| તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૪ | કોટડી મહાદેવપુરીમાં ધ્રોળ પરીવારના કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી તથા શ્રી વાછરા દાદા સ્થાનકે ધ્વજારોહણ મહોત્સવ |

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયાના ઉપક્રમે રાજપથ પર જનાર મુમુક્ષુની વંદના-સંયમ સંવેદનાનો કાર્યક્રમ

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન નલિયાના ઉપક્રમે મુમુક્ષુ કુમારી જિનલ જેઓ રત્નકુક્ષી માતા અ.સૌ. દીપાલી રવિન્દ્ર નરશી લોડાયા નલિયા ચોપડાના ગુણીયલ પુત્રી છે. તેઓ નલિયાના આંગણે પધારી રહ્યાં છે. જેઓની દીક્ષા ચાલીસગામ નગર સંઘના આંગણે ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના ગુરૂ નિશ્રામાં માગસર સુદ ૧૧ મૌન એકાદશીના પાવન દિને થશે.

નલિયા મધ્યે તા.૨૧ ઓક્ટોબર સોમવારના રોજે સવારે ૯ કલાકે મુમુક્ષુ દિક્ષાર્થીનો વરઘોડો, બપોરે ૧૨ કલાકે સાધર્મિક ભક્તિ, બપોરે ૨.૩૦ કલાકે સંયમની સંવેદનાનો ભાવ કાર્યક્રમ આયોજિત કરાયો છે. સૌને પ્રેમપૂર્વક પધારવા શ્રી ક.દ.ઓ. જૈન મહાજન નલિયાના ટ્રસ્ટી ગણ તરફથી સપ્રેમ આમંત્રણ છે.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**કાંતિલાલ નાગડા**
તા.૪ ઓક્ટોબર
નલિયા-નાંદેડ



**કલાબેન મોતા**
તા.૬ ઓક્ટોબર (ઉ.૭૭)
નલિયા-ઘાટકોપર



**મણિકાંતભાઈ ખોના**
તા.૬ ઓક્ટોબર (ઉ.૭૯)
તેરા-પુના



**કોકિલાબેન ધરમશી**
તા.૬ ઓક્ટોબર (ઉ.૭૨)
સુથરી-વડોદરા



**સુશીલાબેન ધરમશી**
તા.૭ ઓક્ટોબર (ઉ.૭૭)
સુથરી-મુલુંડ



**જયવંતીબેન મોમાયા**
તા.૯ ઓક્ટોબર (ઉ.૮૮)
સીંધોડી મોટી-મુલુંડ



**હંસાબેન સાયલા**
તા.૧૧ ઓક્ટોબર (ઉ.૭૪)
તેરા-હૈદરાબાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ મોરબીના સાંસદ વિનોદ ચાવડાએ કેન્દ્રના જલ શક્તિ મંત્રી સી.આર.પાટિલ પાસે ગુજરાતની નદીઓનું પાણી જે કચ્છના રણમાં આવે છે તે દરિયામાં વિર્સજિત થાય છે. જેનું એકત્રિકરણ કરીને મીઠા પાણી માટે રણસરોવરનું નિર્માણ થાય તે માટે રજૂઆત કરી હતી. ગુજરાતની નાની મોટી નદીઓ પાલનપુર, ડીસા, રાધનપુર થઈ આવતી લુણી, બનાસ નદી કચ્છના નાના રણમાં આવે છે અને અરબી સમુદ્રમાં વિર્સજીત થઈ જાય છે. તે નદીઓનું પાણી કચ્છના નાના રણમાં આવે છે ત્યાં એકત્રિકરણ કરી રણ સરોવર બનાવાય તો કચ્છની જનતાને સિંચાઈ, પશુધન અને માનવ જીવન માટે વરદાન રૂપ બની શકે છે.

● મૂળ કચ્છ માંડવી તાલુકાના કાઠડા ગામના અને હાલ અમદાવાદમાં ઈસરોની માતૃસંસ્થા ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં એસોસિએટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડૉ. હરીશ શિવરાજભાઈ ગઢવીને નાસા દ્વારા પૃથ્વી પરના વાતાવરણ સ્તરમાં મોજુદ પ્રદુષણ અંગેના સંશોધન માટે ચાલતા મિશનમાં શ્રેષ્ઠ વૈજ્ઞાનિક પરિણામો અને ઉત્તમ ટીમ વર્ક માટે ગ્રુપ એચિવમેન્ટ એવોર્ડ એનાયત કરાયો. અવકાશમાં શોધખોળ અને વૈજ્ઞાનિક અભ્યાસ કરતા અંતરિક્ષ સંસ્થા નાસાના વૈજ્ઞાનિકો ભારતની ભૌતિક અનુસંધાન પ્રયોગશાળા, રાષ્ટ્રીય વાતાવરણીય સંશોધન પ્રયોગશાળા અને ટાટા ઈન્સ્ટિટ્યૂટિટ ઓફ ફંન્ડાલમેન્ટસ રિર્સચના વૈજ્ઞાનિકો સાથે મળીને પૃથ્વીના વાતાવરણમાં મોજૂદ પ્રદૂષણ પર સંશોધન કરી રહ્યાં છે. આ ટાસ્કમાં ડૉ.હરીશ ગઢવી સામેલ છે.

● વર્તમાન સમયમાં પશુ પાલન વ્યવસાયમાં થયેલા વધારાના કારણે પશુઓને નજીકના વિસ્તારમાં સારવાર મળી રહે તેવા પ્રયોજનથી તંત્ર દ્વારા પશુ દવાખાનાના નિર્માણ કરવાના કામોને અબડાસા તાલુકાના નલિયા તથા નખત્રાણા તાલુકાના ફુલાય ગામે પશુ દવાખાનાના નિર્માણ માટે રૂા.૧.૮૫ કરોડના કામોને મંજૂરી આપવામાં આવી છે. વિસ્તારના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા દરખાસ્ત કરાયેલ. નખત્રાણા તાલુકાના માલધારી વિસ્તાર નાની બન્નીના ફુલાય ગામે ૯૫ લાખના ખર્ચે પશુ દવાખાનું નિર્માણ પામશે. જ્યારે નલિયાના હાલના હયાત દવાખાનાના સ્થળે રૂા.૯૦ લાખના ખર્ચે પશુ દવાખાનું નિર્માણ થશે.

● અબડાસા તાલુકાના છેવાડાના જખૌ ગામમાં સરકારી હાઈસ્કૂલના ઓરડા જર્જરિત થતાં નવું બાંધકામ કરવા માંગ ઊઠી છે. કલેક્ટરને લખેલા પત્રમાં જણાવાયું છે કે સરકારી ઉચ્ચતર અને માધ્યમિક શાળાનું વર્ષો પહેલાનું જૂનું બાંધકામ જર્જરિત બની જવાથી વર્ગખંડોમાં બાળકોને અભ્યાસ કરતાં કોઈ મોટી ઘટના બને તેવી કાયમ દહેશત રહે છે તેથી નવી શાળા મંજૂરી કરી જૂની શાળાને તોડી પાડવા પત્રમાં માંગ કરાઈ છે.

● ખાસ કરીને ચોમાસામાં સર્જાતી વીજ સમસ્યાનો નિકાલ લાવવા અને વરસાદ પડે ત્યારે વીજળી ગુલ થવાની નોબત ટાળવા પી.જી.વી.સી એલએ કમર કસીને મુખ્ય શહેરો ભુજ, માંડવી અને મુંદરામાં ૬૦૦ ટ્રાન્સફોર્મરમાં વર્ટિકલ બૂટ લગાવીને તથા સ્પાર્કને રોકડા ૮૦૦ જોઈન્ટ વાયરોમાં વીજ કંડક્ટર લગાડવામાં આવ્યા છે હવે ગ્રામ્ય વિસ્તારમાં ધ્યાન અપાશે.

● ભારત સરકારના પશુ પાલન વિભાગ દ્વારા અત્યાર સુધી માત્ર ગાય ભેંસ વર્ગના પશુઓના કાનમાં ટેગ લગાવી પશુ ગણતરી કરવામાં આવી રહી હતી પરંતુ હવે પ્રથમ વખત ઘેટાં બકરાંને પણ ટેગ લગાવી તેની સંખ્યાની નોંધણીનો પ્રારંભ કરાયો છે. જે અંતર્ગત કચ્છમાંયે આ કામગીરી શરૂ કરવામાં આવી છે. નાના પશુ ધરાવતા લાલધારીઓના આધારકાર્ડ સાથે તેમની પાસેના પશુના કાનમાં ટેગ લગાવી તેની નોંધણી કરી ભારત પશુધન પોર્ટલ પર તેની વિગત અપલોડ કરાશે.


DON'T
Compromise!
"HEALTH INSURANCE"
Portability Benefits Available
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA